# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

લો. ગ્રા. ટ્રસ્ટ - મુ.પો. સણોસરા, તા. શિહોર, જી. ભાવનગર - ૩૬૪૨૩૦
ફોન : (૦૨૮૪૬) ૨૮૩૯૯૯ - Email : kvkbhavanagar@gmail.com

ICAR

સંકલન : ડો. સરોજ ચૌધરી - ડો. એન. પી. શુકલ

## જીવામૃત : દુનિયાનું શ્રેષ્ઠ ખાતર

**સામગ્રી :** પાણી ૧૮૦ લીટર, દેશી ગાયનું તાજુ છાણ - ૧૦ કિલો, ગૌમુત્ર - ૧૦ લીટર, કોઈપણ કઠોળનો લોટ - ૧કિલો, દેશી ગોળ - ૧ કિલો, વડની નીચે (તળાવની માટી) - ૫૦૦ ગ્રામ.

### બનાવવાની રીત

૧૮૦ લીટર પાણીમાં બધીજ વસ્તુ નાખી દો ત્યારબાદ દિવસમાં સવાર-સાંજ ઘડીયાળની દિશામાં ૩-૩ મિનિટ હલાવવું. હવાની અવર-જવર થાય તેવા કપડા કે કોથળાથી ઢાંકીને જીવામૃતને છાંયડામાં રાખવું તેમજ ૪-૬ દિવસમાં જીવામૃત તૈયાર.

### ઉપયોગ

જીણા કપડાથી ગાળીને ૧ થી ૩ વાર છંટકાવ કરી શકાય-ધોરીયા તેમજ ડ્રીપમાં એક એકરમાં ૨૦૦ લીટર આપી શકાય છે. છંટકાવ વખતે પંપમાં ૨ થી ૨.૫ લીટર જીવામૃતનું પ્રમાણ રાખવું. જીવામૃતને કોઈપણ રાસાયણીક દવા સાથે વાપરવું નહીં. જીવામૃત ૧૫ દિવસે આપવું-કઠોળ પાક, ધાન્યપાક, ફળઝાડ, શાકભાજી કે કંદમુળ તેમજ કોઈપણ પાકમાં આપી શકાય.

## પ્રાકૃતિક ખેતીના ફાયદા ?

- ભૂમીની ભેજ સંગ્રહ ક્ષમતા, ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતામાં વધારો
- માત્ર એક દેશી ગાયના ગોબર-ગૌમૂત્ર થી ૩૦ એકર જમીનમાં ખેતી થઇ શકે
- નહીવત ઉત્પાદન ખર્ચ, રસાયણમુક્ત ખેત પેદાશ, ઉચ્ચ વળતર
- પાણી અને વિજળીની બચત, મિત્ર કીટક અને મધમાખીનું રક્ષણ
- પર્યાવરણ, માનવીય સ્વાસ્થ્ય અને જીવસૃષ્ટિનુ રક્ષણ, પોષણ અને સંવર્ધન
- ગામ અને દેશ સ્વાવલંબનનું નિર્માણ સ્વાવલંબી ખેતી દ્વારા સ્વાવલંબી સમાજનું નિર્માણ








### દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી

## આચ્છાદન (મલ્ચિંગ) ધરતીની ચાદર

પાક હોય તેમાં વચ્ચેની ખુલી જમીનને ઢાંકવું : ઘઉંનું કુંવળ, બાજરીનું વધારાનું ભુસુ, સુક્ષ્મ કચરો, કઠોળ પાકોના વધારાના અવશેષ વગેરે જમીન ઢાંકે તેવું કોઈપણ પરાળ. જેનાથી જમીનનો ભેજ જળવાય રહે અને ઓછા પિયતની જરૂર પડે.
જમીનમાં હ્યુમસનું પ્રમાણ વધે છે.
ત્યારબાદ જમીનના હજારો સુક્ષ્મ બેક્ટેરીયા, જીવાણું અને અળસીયાને ખોરાક મળે જેથી છોડનો વિકાસ સારો થાય.
ભુમીની ઉત્પાદન ક્ષમતા-ફળદ્રુપતા અને પ્રતિકારક શક્તિ વધે છે.

## ઘન જીવામૃત

**બનાવવાની રીત :**

૨૦૦ કિગ્રા સખત તાપમાં સુકવેલ, ચાળણીથી ચાળેલ દેશી ગાયના ગોબરને ૨૦ લીટર જીવામૃત સાથે ભેળવવું. ૪૮ કલાક માટે છાંયો હોય ત્યાં ઢગલો કરી ત્યારબાદ પાતળુ સ્તર કરી સુકવવું. આ સ્તરને દિવસમાં ૨-૩ વાર ઉપર નીચે કરવું. સુકાય જાય ત્યારે ગાંગડાનો ભુકો કરી છ માસ સુધી વાપરી શકાય.

**ઉપયોગો :**

જમીનમાં અંતિમ ખેડાણ પહેલાં પ્રતિ એકર ૨૦૦ કિગ્રા અને ફુલ અવસ્થાએ પ્રતિ એકર ૧૦૦ કિગ્રા આપવું.

## વાપ્સા

માટીના બે કણ વચ્ચેની જગ્યામાં ૫૦ ટકા હવા તથા ૫૦ ટકા પાણીની વરાળ, વાફસા એટલે એક પ્રકારનો ભેજ. પાકને પાણીની નહી પણ ભેજની જરૂર છે.

## મિશ્રપાક

જામીનમાં એક જ પાક ન વાવતાં જુદા જુદા પાકોનું મીશ્રણ વાવવું જેનાથી કોઈ એક પાકનું નુક્શાન થાય તો બીજા પાકમાંથી વળતર મળી રહે અને એકજ પાકનો ભાવમાં ફેરફાર રહે તો પણ બેલેન્સ રહે.

## મિશ્રપાક પધ્ધતિ તથા તેના ફાયદા

- મિશ્રપાક પધ્ધતિમાં મુખ્યત્વે એકદળ (બાજરો-જુવાર) સાથે દ્વિદળ (મગ, અળદ, તુવેર વગેરે)નું વાવેતર કરવાથી એકદળ વાળા છોડને નાઈટ્રોજન દ્વિદળ વાળા પાકના મુળમાંથી મળી રહે છે.
- મિશ્રપાક પધ્ધતિથી એક પાકનો માર્કેટભાવ ઓછો મળે તો તેની સામે બીજા આંતરપાકના ભાવ મળી રહેતા આર્થિક ફાયદો થાય છે.
- કુદરતી આફતમાં એક પાક નિષ્ફળ જાય તો તેની સામે બીજો પાક સફળ થાય છે. ખેડૂત પગભર રહી શકે.
- ગલગોટા, મિશ્રપાકમાં વાવતા ચુસિયા જીવાત અને ઈયળોનો કંટ્રોલ થાય છે. અને સાથે તેના મૂળમાં આલ્કેલોઈડ્સ તત્વ હોવાથી તે મૂળદગંડિકા જે કૃમિથી થાય તેની સામે રક્ષણ આપે છે.
- સૂર્યમુખી પણ આંતરપાકમાં વાવતા તે ચુસિયા જીવાત સામે રક્ષણ આપે છે.

## બીજામૃત

### જરૂરી સામગ્રી

| | |
|---|---|
| પાણી | : ૨૦ લિટર |
| દેશી ગાયનું તાજુ છાણ | : ૫ કિલો |
| દેશી ગાયનું ગૌમુત્ર | : ૫ લિટર |
| ચુનો | : ૫૦ ગ્રામ |
| શેઢા પાળા, પીપળ કે વડ નીચેની માટી | : ૧ મુઠી |

### બનાવવાની તથા ઉપયોગની રીત

(૧૦૦ કિગ્રા બીજ માટે)

- એક પીપમાં ૨૦ લિટર પાણીમાં ઉપર આપેલ સામગ્રી ભેળવી કોથળાથી ઢાંકી ૨૪ કલાક રાખવું અને ૪૮ કલાકમાં વાપરી નાખવું.
- ત્યારબાદ બીજને પટ આપવું અને છાંયામાં સુકવવાના છે.
- બીજનો ઉગાવો સારો મળે, રોગ પ્રતિકારક શક્તિ વધે અને ફુગનાશક છે.

## અગ્નિઅસ્ત્ર

### સામગ્રી

| | |
|---|---|
| ગૌ મુત્ર | : ૨૦ લીટર |
| કડવા લીમડાના પાનની ચટણી | : ૨ કિલોગ્રામ |
| તીખી લીલી મરચીની ચટણી | : ૫૦૦ ગ્રામ |
| દેશી લસણની ચટણી | : ૨૫૦ ગ્રામ |
| તમાકુંનો પાવડર | : ૫૦૦ ગ્રામ |
| આદુની ચટણી | : ૫૦૦ ગ્રામ |

### બનાવવાની રીત

આ તમામ વસ્તુના મિશ્રણને ઢાંકી ધીમા તાપે એક ઉભરો આવે ત્યાં સુધી ગરમ કરી પછી ઠંડુ પડવા દેવું. ત્યારબાદ ૨ દિવસ સુધી સવાર-સાંજ ૧-૧ મિનિટ માટે ઘડીયાળના કાંટાની દિશામાં હલાવવું પછી કપડાથી ગાળીને સંગ્રહ કરવો.

છંટકાવ : પ્રતિ એકર ૨૦૦ લીટર પાણી + ૬ થી ૮ લીટર અગ્નિઅસ્ત્ર
સંગ્રહણ ક્ષમતા : ૩ મહીના સુધી ઉપયોગમાં લઈ શકાય
નિયંત્રણ : બધાજ પ્રકારની જીવાતો માટે, પ્રકાંડને કોરનાર ઈયળ ફળોમાં થતી ઈયળ, કળીઓમાં રહેલી ઈયળ, કપાસના કાચા જીંડવામાં થતી ઈયળ અને અન્ય તમામ નાની મોટી ઈયળો /ઉધઈને કાબુમાં રાખે છે.

## બ્રહ્માસ્ત્ર

### સામગ્રી

ગૌ મુત્ર : ૨૦ લીટર
કડવો લીમડો,કરંજ, ધતુરો,
એરંડા, સીતાફળ, બીલીપત્ર
આમાંથી કોઈપણ પાંચ પાનની ચટણી : ૨ કિલો ગ્રામ

### બનાવવાની રીત

- આ મિશ્રણને ઢાંકી ધીમાં તાપે એક ઉભરો (ઉફાળો) આવે ત્યાં સુધી ગરમ કરવું પછી ઠંડુ પડવા દેવું. ત્યારબાદ છાંયામાં રાખી ૨ દિવસ સુધી સવાર-સાંજ ૧-૧ મિનિટ માટે ઘડીયાળનાં કાંટાની દિશામાં હલાવવું પછી કપડાથી ગાળીને સંગ્રહ કરવો.

છંટકાવ : પ્રતિ એકર ૨૦૦ લીટર પાણી + ૬ થી ૮ લીટર બ્રહ્માસ્ર

સંગ્રહણ ક્ષમતા : ૬ મહીના સુધી ઉપયોગમાં લઈ શકાય.

નિયંત્રણ : મોટી ઈયળ, ચૂસીયા જીવાતો.

## નિમાસ્ત્ર

### સામગ્રી

| | |
|---|---|
| પાણી | : ૨૦૦ લીટર |
| ગૌમુત્ર | : ૧૦ લીટર |
| દેશી ગાયનું તાજુ છાણ | : ૨ કીલો ગ્રામ |
| કડવા લીમડાના પાન | : ૧૦ કીલો ગ્રામ |

### બનાવવાની રીત

આ મિશ્રણને કોથળાથી ઢાંકી ૪૮ કલાક છાયામાં રાખવું સવાર-સાંજ-૨-૨ મિનિટ માટે ઘડીયાળનાં કાંટાની દિશામાં હલાવવું પછી છાયાંમાં રાખવું ત્યારબાદ કપડાંથી ગાળીને સંગ્રહ કરવો.

છંટકાવ : પ્રતિ એકર ૨૦૦ લીટર ફક્ત નીમાસ્ત્ર, પાણી ભેળવવાનું નથી.
સંગ્રહણ ક્ષમતા : ૬ મહીના સુધી ઉપયોગમાં લઈ શકાય.
નિયંત્રણ : ચૂસીયા જીવાતો, સફેદ માખી, નાની ઈયળ.

# 2025

### જાન્યુઆરી January
પોષ-મહા

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| S | M | T | W | T | F | S |
| | | | 1 | 2 | 3 | 4 |
| 5 | 6 | 4 | 8 | 9 | 10 | 11 |
| 12 | 13 | 11 | 15 | 16 | 17 | 18 |
| 19 | 20 | 18 | 22 | 23 | 24 | 25 |
| 26 | 27 | 25 | 29 | 30 | 31 | |

### ફેબ્રુઆરી February
મહા-ફાગણ

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| S | M | T | W | T | F | S |
| | | | | | | 1 |
| 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 |
| 16 | 17 | 18 | 19 | 20 | 21 | 22 |
| 23 | 24 | 25 | 26 | 27 | 28 | |

### માર્ચ March
ફાગણ-ચૈત્ર

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| S | M | T | W | T | F | S |
| 30 | 31 | | | | | 1 |
| 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 |
| 16 | 17 | 18 | 19 | 20 | 21 | 22 |
| 23 | 24 | 25 | 26 | 27 | 28 | 30 |

### એપ્રિલ April
ચૈત્ર-વૈશાખ

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| S | M | T | W | T | F | S |
| | | 1 | 2 | 3 | 4 | 5 |
| 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 |
| 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 |
| 20 | 21 | 22 | 23 | 24 | 25 | 26 |
| 27 | 28 | 29 | 30 | | | |

### મે May
વૈશાખ-જેઠ

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| S | M | T | W | T | F | S |
| | | | | 1 | 2 | 3 |
| 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 |
| 18 | 19 | 20 | 21 | 22 | 23 | 24 |
| 25 | 26 | 27 | 28 | 29 | 30 | 31 |

### જુન June
જેઠ-અષાઢ

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| S | M | T | W | T | F | S |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 6 |
| 8 | 9 | 10 | 11 | 12 | 13 | 13 |
| 15 | 16 | 17 | 18 | 19 | 20 | 20 |
| 22 | 23 | 24 | 25 | 26 | 27 | 27 |
| 29 | 30 | | | | | |

### જુલાઇ July
અષાઢ-શ્રાવણ

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| S | M | T | W | T | F | S |
| | | 1 | 2 | 3 | 4 | 5 |
| 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 |
| 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 |
| 20 | 21 | 22 | 23 | 24 | 25 | 26 |
| 27 | 28 | 29 | 30 | 31 | | |

### ઓગસ્ટ August
શ્રાવણ-ભાદરવો

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| S | M | T | W | T | F | S |
| 31 | | | | | 1 | 2 |
| 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 |
| 17 | 18 | 19 | 20 | 21 | 22 | 23 |
| 24 | 25 | 26 | 27 | 28 | 29 | 30 |

### સપ્ટેમ્બર September
ભાદરવો-આસો

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| S | M | T | W | T | F | S |
| | 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
| 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 |
| 21 | 22 | 23 | 24 | 25 | 26 | 27 |
| 28 | 29 | 30 | | | | |

### ઓક્ટોબર October
આસો-કારતક

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| S | M | T | W | T | F | S |
| | | | 1 | 2 | 3 | 4 |
| 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
| 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 |
| 19 | 20 | 21 | 22 | 23 | 24 | 25 |
| 26 | 27 | 28 | 29 | 30 | 31 | |

### નવેમ્બર November
કારતક-માગશર

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| S | M | T | W | T | F | S |
| 30 | | | | | | 1 |
| 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 |
| 16 | 17 | 18 | 19 | 20 | 21 | 22 |
| 23 | 24 | 25 | 26 | 27 | 28 | 29 |

### ડિસેમ્બર December
માગશર-પોષ

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| S | M | T | W | T | F | S |
| | 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
| 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 |
| 21 | 22 | 23 | 24 | 25 | 26 | 27 |
| 28 | 29 | 30 | 31 | | | |

## કેન્દ્ર ખાતે ઉપલબ્ધ સુવિધાઓ

- દ્રશ્ય શ્રાવ્ય સાધનો સાથેનો તાલીમ ખંડ
- ખેડૂતોને રહેવા માટે કિસાનઘર
- જમીન ચકાસણી
- પાકૃતિક કૃષિ એકમ
- (પશુપાલન) પાલન એકમ
- નર્સરી એકમ
- “ કિસાનસારથી ” હેલ્પલાઇન - મેસેજ સેવા
- પ્રદર્શન ખંડ